જનસંપર્ક અધિકારી,

પોલીસ કમિશનરશ્રીની કચેરી,અમદાવાદ શહેર

પી.આર.ઓ. : ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૪/૦૭/૨૦૨૬ શુક્રવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયાઃ– **સમાચાર યાદી નં.૧૦૨૪/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૦૬ કેસ કરી, ૦૬ વ્યક્તિઓને ઝડપી, ૦૯ લીટર દેશી દારૂ કબજે કર્યો હતો. તેમજ જુગારધારા હેઠળ ૦૨ કેસ કરી, ૦૮ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧૫,૪૪૦/– અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ અટકાયતઃ– **સમાચાર યાદી નં.૧૦૨૫/૨૦૨૬**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ બી.એન.એસ.એસ.૧૨૬,૧૨૮,૧૨૯,૧૭૦ મુજબ ૫૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૭ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

છેતરપીંડીઃ– **સમાચાર યાદી નં.૧૦૨૬/૨૦૨૬**

સાયબર ક્રાઈમઃ જતીનભાઇ અનીલભાઇ બાદશાહ (ઉ.વ.૬૭) (રહે. ગાર્ડિનયા રેસીડેન્સી નુતન નાગરીક બેંક સામે શારદાનગર રોડ પાલડી) એ તા.૨૩/૦૭/૨૦૨૬ ના રોજ સાયબર ક્રાઇમ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે તા.૦૮/૦૭/૨૦૨૬ થી તા.૧૭/૦૭/૨૦૨૬ સુધીના સમયગાળા દરમ્યાન ફેસબુકમાં બેંક ઓફ ઇન્ડિયાનાં નામ વાળી BOI LUXURY PENSION CARD માટે જાહેરાતના પેજ ક્લીક કરતા સંપર્ક માટે આપેલ મોબાઇલ નંબર પર વાતચીત કરનાર વ્યક્તિએ તથા બેંક ઓફ ઇન્ડિયા નામના ડીપી વાળા વોટસએપ નંબર + ૯૧૬૯૯૦૯૯૩૮૮૨ ના ધારકે વોટસએપ કોલ કરી જતીનભાઈ તથા તેમના પુત્ર અને પત્નીના નામ–સરનામાની, બેંક એકાઉન્ટની ડિટેઇલ્સ, બેંકમાં રજીસ્ટર મોબાઇલ નંબર, આધારકાર્ડ, પાનકાર્ડ ,ડેબીટ કાર્ડ નંબર અને એટીએમ પીન નંબરની માહિતી મેળવી લઈ અલગ–અલગ બેંક ખાતામાંથી કુલ રૂપિયા ૧૭,૩૨,૫૦૦/– ટ્રાન્સફર કરી લઈ છેતરપિંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઇ.શ્રી જે.પી.ઠાકોર ચલાવે છે.

નારોલઃ ઘનશ્યામસિંહ રાજેન્દ્રસિંહ ઝાલા (ઉ.વ.૫૧) (રહે. સ્કાયલાઇટ સ્વામિનારાયણ મંદીર પાસે વકીલ બ્રીજના છેડે બોપલ) એ તા.૨૩/૦૭/૨૦૨૬ ના રોજ નારોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોધાવી છે કે ઘનશ્યામસિંહ ઝાલા નાઓ નારોલ સ્વામિનારાયણ પાર્ક–૨ શોપ નંબર–સી/૩૧૭ ખાતે ઉર્મિ કોર્પોરેશન નામની પેઢી ઘરાવી ધંધો કરતા હોય માહે મે–૨૦૨૫ થી તા.૦૯/૦૯/૨૦૨૫ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧) અમીતભાઇ પટેલ (રહે. મોરબી) તથા ઇ–મેઇલ આઇ.ડી. chefezyfoods7286@gmail.com ના ઉપયોગકર્તા તેમજ અન્ય વ્યક્તિઓએ ભેગા મળી "ઉર્મિ કોર્પોરેશન" પેઢીના જી.એસ.ટી. રજીસ્ટ્રેશનના આઇ.ડી.પાસવર્ડ બદલી જી.એસ.ટી.પોર્ટલ ઉપર ઘનશ્યામસિંહ ઝાલાનાઓની પેઢીના જી.એસ.ટી.રિટર્નમાં કુલ રૂપિયા ૩૪,૫૧,૫૫,૦૫૦/– ખરીદીના અનિયમિત વ્યવહારો દર્શાવી સરકારશ્રીને ભરવાપાત્ર કરવેરો રૂપિયા ૬,૭૬,૭૭,૯૦૯/– અને આ રકમ પરનું વ્યાજ તથા પેનલ્ટી નહી ભરી આર્થિક નુકશાન પહોંચાડી છેતરપીંડી કરી હતી. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.બી.અગ્રાવત ચલાવે છે.

આત્મહત્યાઃ– **સમાચાર ચાદી નં.૧૦૨૭/૨૦૨૬**

માધવપુરાઃ જસંવતસિંહ અમરસિંહ મહીડા (ઉ.વ.૬૮) (રહે. નાથબાવાની ચાલી શનિદેવ મંદીર રોડ ધોબીઘાટ માધવપુરા) એ અગમ્ય કારણસર તા.૨૨/૦૭/૨૦૨૬ રાતના ૧૧/૨૦ વાગ્યા પહેલા પોતાના ઘરે પંખા સાથે સાડી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે માધવપુરા પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો.શ્રી દિનેશભાઇ મોતિભાઇ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
પી.આર.ઓ.યુનિટ
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી